નેપાળમાં વિમાન તૂટી પડતાં ૧૬ પ્રવાસીના મોત

કાઠમાંડુ,તા.૧૪

ઉત્તરીય નેપાળમાં આજે સવારે વિમાન દુર્ઘટનામાં ૧૩ ભારતીયો સહિત ૧૬ યાત્રીઓના મોત થયા હતા. આ વિમાનમાં કુલ ૨૧ યાત્રીઓ મુસાફરી કરી રહ્યા હતા. ખાનગી વિમાન ખૂબ જ લોકપ્રિય એવા હિમાલિયન ટ્રેકીંગ સ્પોટ ગણાતા ઊંચાણવાળા જોમસોમ વિમાની મથક નજીક દુર્ઘટનાગ્રસ્ત થઈને ઊંડી ખીણમાં ખાબકી ગયું હતું અને ૧૬ યાત્રીઓના મોત થઈ ગયા હતા. માર્યા ગયેલાઓમાં ૧૩ ભારતીય નાગરીકો બે ડેનિસ નાગરીકોનો સમાવેશ થાય છે. વિમાનમાં રહેલા યાત્રીઓના સંબંધમાં શરૂઆતમાં વિરોધાભાષી અહેવાલ મળ્યા હતા. એક અહેવાલમાં શરૂઆતમાં જણાવવામાં આવ્યું હતું કે આ વિમાનમાં ૧૬ ભારતીય હતા અને અન્ય એક અહેવાલમાં જણાવાયું હતું કે ૭ ભારતીય હતા. પ્રાથમિક રીતે ૧૩ ભારતીયોના મોતને સમર્થન મળ્યું છે. એક અગ્રણી સમાચાર સંસ્થાએ કહ્યું છે કે આ વિમાનમાં માત્ર ચાર ભારતીય હતા. નેપાળમાં ભારતીય દૂતાવાસના પ્રવકતા આલોક શ્રીવાસ્તવે કહ્યું છે કે બચાવ ટીમો ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. અગ્નિ એર સાથે સંકળાયેલી ડોનિયર વિમાન પોખારા નજીક ઊંચાણ પર ઊંડાણ ભરી રહ્યું હતું ત્યારે દુર્ઘટના ગ્રસ્ત થયું હતું. આ વિમાન જોમસોમ વિમાની મથક તરફ પરત ફરી રહ્યું હતું. ત્રિભૂવન ઈન્ટરનેશનલ વિમાની મથકની રેસક્યુ કોઓર્ડિનેશન કમીટિના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા છે. અધિકારીઓએ કહ્યું છે કે કાટમાળ હેઠળથી હજુ સુધી માત્ર નવ મૃતદેહ હાથ લાગ્યા છે જેમાં ભારતીયોના મૃતદેહ પણ સામેલ છે. માર્યા ગયેલાઓના ૧૩ ભારતીય નાગરિકોનો સમાવેશ થાય છે. આ અધિકારીઓએ કહ્યું છે કે એક ક્રુ મેમ્બર અને પાંચ ભારતીયો સહિત છ લોકોને દુર્ઘટના સ્થળથી બચાવી લેવાયા છે. ઈજાગ્રસ્ત લોકોને પોખારા ખાતેની હોસ્પિટલમાં દાખલ કરાયા છે જ્યાં ચાર ભારતીયની હાલત ગંભીર જણાવામાં આવી છે. આ વિમાન સવારમાં જોમસોમ તરફ આગળ વધી રહ્યું હતું. ટેકનીકલ ખામીના કારણે આ દુર્ઘટના સર્જાઈ હોવાનું જાણવા મળી રહ્યું છે. ઊંચાણવાળા વિસ્તાર સ્થિત જોનસોન વિમાની

મથક પાટનગર કાઠમાડુથી ૨૦૦ કિલોમીટર ઉત્તર-પશ્ચિમ સ્થિત છે. આને લોકપ્રિય ટુરિઝમ માટેના ગેટ વે તરીકે પણ ગણવામાં આવે છે. દરિયાઈ સપાટીથી ૨૬૦૦ મીટરની ઊંચાઈએ સ્થિત આને મહત્વપૂર્ણ ટેકીંગ સ્થળ તરીકે ગણવામાં આવે છે. અહીં મોટી સંખ્યામાં વિદેશી પ્રવાસી પહોંચે છે. એર ટ્રાફિક કંટ્રોલના અધિકારીએ કહ્યું હતું કે આ દુર્ઘટના વિમાની મથકથી એક માઈલના અંતરે બની હતી. નેપાળી અને ભારતીયોમાંથી ધાર્મીક સ્થળ ગણાતા મુક્તીનાથ મંદિરના ગેટ વે તરીકે આ વિસ્તારને ગણવામાં આવે છે. આ મંદિર દરીયાઈ સપાટીથી ૨૬૦૦ મીટરની ઉંચાઈએ સ્થિત છે. જોમસોમથી જતા છ કલાક લાગે છે. નેપાળમાં ભારતીય દૂતાવાસ દ્વારા જારી કરવામાં આવેલી યાદીમાં જણાવાયું છે કે આમાં ભારતીયો વધારે હતા. છને બચાવી લેવાયા છે. બચાવી લેવાયેલા ભારતીય ઓળખ થઈ છે. જેમાં તીરુમાલાના કિંદામ્બી શ્રીકાંત, તીરુમાલા કિંદામ્બી શ્રીવર્ધીની અને તીરુમાલા કિંદામ્બીની શ્રીપ્રદાનો સમાવેશ થાય છે.

એર ઈન્ડિયાની વધુ ૧૪ ઈન્ટરનેશનલ ફ્લાઈટો રદ

નવી દિલ્હી,તા.૧૪

એર ઈન્ડિયાના પાઈલોટોની આજે સાતમાં દિવસે પણ જારી રહી હતી. જેના પરિણામ સ્વરૂપે વધુ કેટલીક ફ્લાઈટો રદ કરવાની ફરજ પડી હતી. મળેલી માહિતી મુજબ ૧૪ ઈન્ટરનેશનલ ફ્લાઈટો રદ કરવામાં આવી છે. જેના પરિણામ સ્વરૂપે સેકડો યાત્રીઓને વધુ મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. એર ઈન્ડિયાના એક અધિકારીએ માહિતી આપતા જણાવ્યું છે કે પાઈલોટો આક્રમક મુડમાં દેખાઈ રહ્યા છે. જેથી હડતાળ લાંબી ખેંચાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે. દિલ્હી અને મુંબઈમાંથી ૧૪ અંતરરાષ્ટ્રીય ફ્લાઈટોને રદ કરવામાં આવી હતી. મંગળવાર બાદથી પાઈલોટો હડતાળ ઉપર ઉતરેલા છે. પાઈલોટોનું કહેવું છે કે જ્યા સુધી તેમની માંગણીઓને સ્વીકારવામાં આવશે

નહીં ત્યા સુધી હડતાળ જારી રહેશે. હડતાળને પાછી ખેંચી લીધા બાદ જ મંત્રણા ટેબલ ઉપર આવવાની નાગરિક ઉડયન પ્રધાન અજીતસિંહની અપીલને પણ પાઈલોટોએ ફગાવી દીધી છે. ગઈકાલે ૨૦ ઈન્ટર નેશનલ ફ્લાઈટો રદ કરવામાં આવી હતી. આજે વધુ ૧૪ ફ્લાઈટો રદ કરવામાં આવી હતી. સેકડો યાત્રીઓ ફ્લાઈટો રદ થવાના કારણે અટવાઈ પડ્યા છે. યાત્રીઓની રજુઆત છે કે તેમને પુરતી માહિતી આપવામા આવી રહી નથી. એર લાઈન દ્વારા સ્થિતિને સુધારવા માટે પુરતા પગલા લેવામાં આવી રહ્યા છે. પરંતુ સ્થિતિમાં સુધારો થઈ રહ્યો નથી. યાત્રીઓની એવી દલિલ છે કે તેમના ટિકિટ બુકિંગની સામે એર લાઈન્ટ દ્વારા રિફંડની ચુકવણી કરવામાં આવી નથી. જેથી તેમની સામે રાહ જોવા સિવાય અન્ય કોઈ વિકલ્પો રહ્યા નથી. ગઈકાલે કટોકટી વણસી ગઈ હતી. કારણ કે એર લાઈન્સના એક્ઝિકયુટિવ પાઈલોટો પણ હડતાળી પાઈલોટોના સમર્થનમાં આગળ આવ્યા છે. હકાલપટ્ટી કરવાના આદેશો પરત ખેંચી લેવા મેનેજમેન્ટને અપીલ કરવામાં આવી છે. સાથે સાથે મડાગાંઠનો અંત લાવવા પણ અપીલ કરવામાં આવી છે.

હડતાળી પાઈલોટોની માંગણી છે કે તેઓ કોઈપણ સરત વગર વાતચીત માટે તૈયાર છે. પરંતુ તેમની માંગણી તરફ ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. ડ્રીમ લાઈનર વિમાનોના ઉડયનને લઈને પાઈલોટો નારાજ દેખાઈ રહ્યા છે. વડાપ્રધાનના સ્તર સુધી મામલો પહોંચી ચુક્યો છે. પરંતુ હડતાળ હજુ સુધી ઉકેલાઈ નથી. દરમિયાન વેકેશનના ગાળામાં રજા માણવાની યોજના બનાવી ચુકેલા લોકોને ભારે તકલીફ થઈ રહી છે. હડતાળના કારણે કટોકટી ગ્રસ્ત એર ઈન્ડિયાને પહેલાથી જ ભારે નુકશાન થઈ રહ્યો છે. સાથે સાથે તેની પ્રતિષ્ઠાને પણ મોટો ફટકો પડ્યો છે.

એરસેલ-મેક્સિસમાં કોઈ જ હિસ્સેદારી નથી : ચિદમ્બરમ

નવી દિલ્હી,તા.૧૪

એરસેલ-મેક્સિસ સોદાબાજીના મામલે સંસદમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન પી ચિદમ્બરમ સામે ભાજપે આક્ષેપોનો મારો જારી રાખ્યો છે ત્યારે કેન્દ્રીય ગૃહ પ્રધાને આજે આ મામલે ઘણી શંકાઓને દૂર કરી હતી. અને નારાજ સભ્યોને શાંત પાડવાના પ્રયાસ કર્યા હતા. ચિદમ્બરમે કહ્યુ હતુ કે કોઈપણ ટેલિકોમ કંપનીમાં તેમની અથવા તો તેમના પરિવારના સભ્યોના માલિકી નથી અથવા તો કોઈ હિસ્સેદારી નથી. એરસેલ-મેક્સિસમાં કોઈ હિસ્સાદારી હોવાનો ચિદમ્બરમે સાફ ઈન્કાર કર્યો હતો. ચિદમ્બરમના ખુલાસાથી પણ ભાજપના સભ્યો શાંત દેખાયા ન હતા અને હોબાળો જારી રાખ્યો હતો. ચિદમ્બરમે કહ્યુ હતુ કે એરસેલ-મેક્સિસ સોદાબાજી અંગે પ્રશ્નો

ઉઠાવવા બદલ ભાજપ સહિતાના વિરોધપક્ષોનો તેઓ આભારી છે પરંતુ તેઓ તમામ પ્રકારની શંકાઓને દૂર કરવા માંગેછે. તેમણે કહ્યુહતુ કે કોઈપણ કંપનીમાં તેમની અથવા તો તેમના પરિવારની પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે હિસ્સેદારી નથી. તેમણે પોતાનો ભાવનાશીલ રીતે બચાવ કર્યોહતોઅને કહ્યુ હતુ કે તેમની ઈમાનદારી ઉપર પ્રશ્નો ઉઠાવવાની બાબત યોગ્ય નથી. ભાજપના નેતા અરુણ જેટલીએ તેમના પુત્રના સંબંધોનો મુદ્દો ઉઠાવ્યોહતો. ચિદમ્બરમે કહ્યુહતુ કે કોઈપણ વ્યક્તિ માટે પ્રશ્નો કરવા સરળ છે. એરસેલના વેચાણ માટે મંજૂરી આપવામા વિલંબ કર્યો હોવાનો તેમણે ઈન્કાર કર્યોહતો. વિલંબ અંગે ભાજપના આક્ષેપોના જવાબ આપતા ચિદમ્બરમે કહ્યુ હતુ કે સમજૂતીન સમયસર મંજૂરી અપાઈ હતી. આ સમજૂતીને મજૂર કરવા સરકારે ૪૯ દિવસ લીધા હતા. ભાજપે દાવો કર્યો છે કે ચિદમ્બરના પુત્ર કારતીને લાભ અપાવવા સમજૂતીને મંજૂર કરવામા વિલંબ કરવામા આવ્યો હતો.

બાળ ઠાકરેની હાલત સ્થિર

મુંબઈ,તા.૧૪

શિવસેનાના વડા બાળ ઠાકરેની હાલત સ્થિર બનેલી છે. તબિયત ખરાબ થયા બાદ બાળ ઠાકરેને શનિવારના દિવસે લીલાવતી હોસ્પિટલમા દાખલ કરવામા આવ્યા હતા જ્યા તબીબો તેમની તબિયત ઉપર નજર રાખી રહ્યા છે. નિષ્ણાંત તબીબ ડોકટર જલીલ પારકરે કહ્યુ છે કે તેમની હાલત સ્થિર છે. કોઈપણ કોમ્પલીકેશન દેખાઈ રહ્યા નથી. સીઓપીડીની તકલીફ બાદ બાળ ઠાકરેને હોસ્પિટલમાં દાખલ

કરવામા આવ્યા હતા. બાળ ઠાકરે ઉપર કેટલાક મેડીકલ ટેસ્ટ કરવામા આવી ચુકયા છે. બાળ ઠાકરે બિમાર હોવાના અહેવાલ આવ્યા બાદથી તેમના સમર્થકો તેમની તબિયત અંગે માહિતી મેળવવા હોસ્પિટલ પહોંચી રહ્યા છે. શનિવારના દિવસે ઠાકરેને હોસ્પિટલમા દાખલ કરવામા આવ્યા હતા. બાળ ઠાકરે પર કરવામા આવેલા કેટલાક તબીબી ટેસ્ટના પરિણામ મળી ચુક્યા છે જેમા કોઈ ચિંતા દેખાઈ રહી નથી. પરંતુ વયને લઈને કેટલીક તકલીફ દેખાઈ રહી છે.

ડીએનએ ટેસ્ટની મંજૂરી આપવા તિવારીને બે દિવસની મહેતલ

નવી દિલ્હી,તા.૧૪

દિલ્હી હાઈકોર્ટે ભારે ચર્ચા જગાવનાર પિતૃત્વ કેસના સંબંધમાં રોહિત શેખર દ્વારા દાખલ કરવામા આવેલી અરજી અંગે નિર્ણય લેવા ડીએનએ ટેસ્ટના સંદર્ભમા બે દિવસમા તેમની મંજૂરી આપવા કોંગ્રેસના વરિષ્ઠ નેતા એનડી તિવારીને આદેશ કર્યો છે. હાઈકોર્ટે ડીએનએ ટેસ્ટ કરવા બે દિવસની મહેતલ તિવારીને આપી છે. હાઈકોર્ટે રોહિત શેખર દ્વારા દાખલ કરવામા આવેલી અરજીના આધાર ઉપર આજે આ મુજબનો આદેશ કર્યો હતો. રોહિત શેખરે દાવો કર્યો છે કે તે કોંગ્રેસના નેતાનો બાયોલોજીકલ પુત્ર છે. પિતૃત્વ દાવા અંગે નિર્ણય કરવા ડીએનએ ટેસ્ટ માટે તેમના બ્લડ સેમ્પલ આપવા તિવારીને દિલ્હી હાઈકોર્ટે આદેશ આપ્યાના આશરે એક પખવાડિયા બાદ શેખરે

ગયા સપ્તાહમાં કોર્ટમાં અપીલ કરી હતી. અને કહ્યુ હતુ કે ટેસ્ટ માટે તેમના બ્લડ સેમ્પલ લેવા રજૂઆત કરી હતી. જસ્ટિસ રેવા ખેતરપાલની સિંગલ જજની બેંચ સમક્ષ પોતાની રજૂઆતમા શેખરે તિવારીને ફરજ પાડવા અપીલ કરી હતી. શેખરે કોર્ટમાં તિવારીના બ્લડ સેમ્પલ લેવા એક કમિશનરની નિમણૂક કરવાની અપીલ કરી હતી. પોલીસની મદદ બ્લડ સેમ્પલ લેવા કહેવામા આવ્યુ હતુ. શેખરે પોતાની અરજીમા કહ્યુ છે કે તિવારી બ્લડ સેમ્પલ આપવામા ઉદાસીનતા દર્શાવી રહ્યા છે. ૨૭મી એપ્રિલના દિવસે કારોબારી ચીફ જસ્ટિસ એકે સિકરીની બેંચે કહ્યુ હતુ કે પોલીસ ફોર્સનો ઉપયોગ પણ ડીએનએ ટેસ્ટ માટે બ્લડ સેમ્પલ લેવા તિવારીને ફરજ પાડવા કરી શકાય છે.

જયેન્દ્ર સરસ્વતીની વિરુદ્ધ ફોજદારી ફરિયાદ દાખલ

ચેન્નાઈ,તા.૧૪

તમિળ અભિનેત્રી રણજીતાએ કાચી મઠના શંકરાચાર્ય જયેન્દ્ર સરસ્વતી સામે વિધિવત રીતે ફોજદારી ફરિયાદ દાખલ કરી દીધી છે. તેમની સામે બદનક્ષીની ફરિયાદ કરવામા આવ્યા બાદ ભારે હોબાળો મચી ગયો છે.

તમિળ અભિનેત્રી રણજીતા થોડાક સમય પહેલા જ જાતે બની બેઠેલા ગોડ મેન નિત્યાનંદ સાથે સંબધોના કારણે ભારે ચર્ચામા આવી ગઈ હતી. રણજીતા શુક્રવારના દિવસે બદનક્ષીની કાર્યવાહી પરિપૂર્ણ કરી શકી ન હતી કારણ કે તે કોર્ટમા મોડેથી પહોચી હતી. આ મામલામા હવે વધુ સુનાવણી ૧૬મી મેના દિવસે હાથ ધરવામા આવશે. એક વખતે રણજીતાની દલીલો નોંધાઈ ગયા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામા આવશે. રણજીતાએ તેની સામે કરવામા આવેલા નિવેદન બદલ જયેન્દ્ર સરસ્વતી સામે બદનક્ષીની કાર્યવાહી કરવાની માંગણી કરી રહી છે. તમિળ અભિનેત્રીએ કહ્યુ છે કે નિત્યાનંદની તે શિષ્ય તરીકે રહી ચુકી છે.

ઈ-એજ્યુકેશનના સેક્ટરનું કદ ૪૫ અબજ ડોલરથી ઉપર જશે

મુંબઈ,તા.૧૪

ભારતમાં ઈ એજ્યુકેશન સેક્ટરમાં દિન પ્રતિદિન તેજી જોંધાઈ રહી છે. ૨૦૧૫ સુધી આ આંકડો ૪૫ અબજ ડોલરના આંકડાને પાર કરી શકે છે. ભારતમાં શૈક્ષણિક ખર્ચ ૬૦૦ અબજના ડોલરના આંકડાને પાર કરી ચુક્યો છે. દિન પ્રતિદિન તેમાં વધારો થઈ રહ્યો છે. ભારતમાં શૈક્ષણિક ખર્ચ ૬૦૦ અબજ ડોલર છે. ખાનગી શિક્ષણ સેગમેન્ટનું કદ ૨૦૧૫ સુધી ૪૫ અબજ ડોલરના આંકડાને પાર કરી જાય તેવી શક્યતા છે. હાલમાં ખાનગી એજ્યુકેશન સેગમેન્ટનું કદ ૩૫ અબજ ડોલરની આસપાસ છે. અમેરિકા સ્થિત ગ્લોબલ ઈન્વેસ્ટર રિલેશન નેટવર્ક સાથે સંકળાયેલી રિલેશન સોસાયટી દ્વારા તૈયાર કરવામાં આવેલા રિસર્ચ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં ઈ એજ્યુકેશન સેક્ટરનું કદ દિન પ્રતિદિન વધી રહ્યું છે. ખાનગી એજ્યુકેશન સેગમેન્ટનું કદ ૨૦૧૫ સુધી ૪૫ અબજ ડોલરના આંકડાને પાર કરી શકે છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે સ્કીલ અને વોકેન્સનલ ટ્રેનિંગના કાર્યક્રમો ઝડપથી વધી રહ્યા છે. આમા તક પણ વધારે રહેલી છે. ઈન્વેસ્ટર રિલેશન સોસાયટીની પ્રમુખ એમએસ આનંદે કહ્યું છે કે એજ્યુકેશન નેટવર્ક ૧ મિલિયન સ્કુલની આસપાસ પહોંચ્યું છે. જ્યારે ૨૦ હજાર હાયર એજ્યુકેશન સંસ્થાઓ છે. જેથી ભારતીય એજ્યુકેશન સિસ્ટમનું માર્કેટ કદ ૪૫ અબજ ડોલર સુધી પહોંચી શકે છે. ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે ૨ લાખ જેટલા ભારતીય વિદ્યાર્થીઓ દર વર્ષે વિદેશ જાય છે. આ વિદ્યાર્થીઓ દર વર્ષે ૫ અબજ ડોલર જેટલું યોગદાન વિદેશી યુનિવર્સિટીઓને આપે છે. આ તારણોના આધાર ઉપર કેટલીક વિદેશી સંસ્થાઓ પણ ભારતમાં એન્ટ્રી કરવાની તૈયારીમાં છે. આનાથી દેશમાં શિક્ષણની ગુણવત્તામાં સુધારો થશે. ભારતમાં ઉચ્ચ શિક્ષણની વ્યવસ્થામાં ઘરખમ ફેરફાર થશે. આનાથી એજ્યુકેશન સેક્ટરનું કદ પણ વધશે. ભારતમાં ઘણા ધારાધોરણો પ્રવર્તે છે. ફંડની જરૂરિયા સતત વધી રહી છે. પીઈ અને સાથે સાથે આઈપીઓની ભુમિકા પણ ચાવીરૂપ થઈ છે.

કેરળમાં હજની યાત્રા માટે ૪૯૪૨૯ અરજીઓ મળી

મલ્લાપુરમ,તા.૧૪

હજ યાત્રા આડે થોડાક દિવસ બાકી રહ્યા છે ત્યારે કેરળમા હજયાત્રીઓનો ઉત્સાહ વધારે દેખાઈ રહ્યો છે. મળેલી માહિતી મુજબ કેરળમાં વર્ષ ૨૦૧૨ માટેની હજ યાત્રા માટે આ વર્ષે હજુ સુધી કુલ ૪૯૪૨૯ અરજીઓ મળી ચુકી છે. કેરળના હજ અને ઉદ્યોગ પ્રધાન પીકે કુનહાલીકુટ્ટીએ એક કાર્યક્રમ દરમિયાન જણાવ્યુ હતુ કે શ્રદ્ધાળુઓ હજ યાત્રા જવા માટે ઉત્સુક દેખાઈ રહ્યા છે. આજે મલ્લાપુરમ જિલ્લામાં કારીપપુર નજીક હજ હાઉસનુ ઉદ્ઘાટન કર્યા બાદ વાતચીત કરતા કુનહાલીકુટ્ટીએ આ મુજબની વાત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે કેરળ માથી આ વર્ષે હજ યાત્રા માટે ક્વોટા ૬૪૮૭ છે. આશરે ૩૧૨૦ અરજીઓ એવી છે જે ૭૦ વર્ષથી ઉપરના લોકો દ્વારા કરવામા આવી છે. જ્યારે બાકીની ૩૩૬૭ અરજીઓમાં અન્ય લોકોને પ્રાથમિકતા આપવામા આવશે. આ વખતે હજ યાત્રા માટે પણ કેટલીક રાહતો અને સુવિધા આપવા અંગે વિચારણા ચાલી રહી છે. હજ શ્રદ્ધાળુઓને મળતી સબસીડીના મામલે તાજેતરમા સુપ્રીમ કોર્ટે મહત્વપૂર્ણ આદેશ આપ્યો હતો. આ મામલાને રાજકીય રંગ ન આપવા સરકારને સુચના આપવામા આવી હતી. હજ યાત્રી આ વર્ષે હાથ ધરવામા આવનાર છે. માત્ર કેરળમાથી જ નહી બલ્કે દેશના જુદા જુદા રાજ્યોમાંથી હજ યાત્રા માટે શ્રદ્ધાળુઓ તરફથી અરજીઓ કરવામા આવી રહી છે જેની ચકાસણીની પ્રક્રિયા પણ ચાલી રહી છે.

એનઆરએચએમ કૌભાંડમાં માયાવતીની ભૂમિકામાં તપાસની ઉગ્ર માંગ

નવી દિલ્હી,તા.૧૪

ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને બહુજન સમાજપાર્ટીના નેતા માયવતીની તકલીફમાં સતત વધારો થઈ રહ્યો છે. ઉત્તર પ્રદેશના આરોગ્ય અને પરિવાર કલ્યાણ પ્રધાન અહેમદ હસને આજે આક્ષેપ કર્યોહતો કે માયાવતી પણ કરોડો રૂપિયાની નેશનલ રુરલ હેલ્થ મિશન કૌભાંડ (એનઆરએચએમ) કૌભાડમા સામેલ છે. તેમના આ નિવેદનની સાથે માયાવતી ઉપર સંકજો મજબૂત કરવાની તૈયારી શરૂ થઈ ચુકી છે. ઉત્તર પ્રદેશ સરકારે માયાવતીની ભૂમિકામાં તપાસની ઈચ્છા વ્યક્ત કરી છે. પત્રકારો સાથે વાતચીત કરતા અહેમદ હસને કહ્યુ હતુ કે રાજ્યના ભૂતપૂર્વ મુખ્યમંત્રી માયવતીની ભૂમિકામાં તપાસ થવી જોઈએ. કારણ કે તેમની પાસે એક વખતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ ખાતુ પણ હતુ. જેથી તેમની સામે તપાસ

થવી જોઈએ. માયાવતીને પણ આ કૌભાંડમાં ચાલી રહેલી તપાસની સમીક્ષા હેઠળ આવરી લેવામા આવે તે જરૂરી છે. આરોગ્ય પ્રધાને વધુમાં કહ્યુ હતુ કે આ કેસમાં તપાસ કરનાર સીબીઆઈ ઉપર તમામ જવાબદારી રહેલી છે. આ કૌભાંડમાં વધુ પગલાના ભાગ રૂપે માયાવતીની ભૂમિકામાં તપાસ કરવી જોઈએ કે કેમ તે અંગે નિર્ણય કરવાનો કામ સીબીઆઈનુ છે. ત્રણ ચીફ મેડીકલ ઓફિસરોના રહસ્મય સંજોગોમા મોત બાદ આ કૌભાંડ ઘણા પ્રશ્નો ઉઠાવે છે. માયવતી ઉપર પ્રહાર કરતા રાજયના મુખ્યમંત્રી અખિલેશ યાદવે પણ કહ્યુ હતુ કે તપાસ સંસ્થા શંકમદ તમામ લોકોની પૂછપરછ કરી રહી છે. બાકીના લોકોની પણ પૂછપરછ થઈ શકે છે. વરિષ્ઠ આઈએએસ અધિકારી પ્રદીપ શુકલાની સીબીઆઈ દ્વારા હાલમા ધરપકડ કરવામા આવી હતી. ધરપકડ કરાયા બાદ તેમની પૂછપરછ થઈ ચુકી છે. નેશનલ રુરલ હેલ્થ મિશન હેઠળ નાણાની ઉચાપતનુ આક્ષેપ થઈ ચુક્યો છે.

ભારતમાં એન્ટીબાયોટિક્સ દવાઓનો ઉપયોગ છ ગણો વધ્યો

નવી દિલ્હી,તા.૧૪

ભારતમાં એન્ટી બાયોટિક્સ દવાઓનો ઉપયોગ છ ગણો વધ્યો છે. જુદા જુદા દુખાવાને રોકવામાં ઉપયોગી એવી દવાઓનો ઉપયોગ વધતા આને લઈને ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. એન્ટી બાયોટિક્સ દવાના ઉપયોગ વધવા માટે આધુનિક લાઈફસ્ટાઈલને જવાબદાર ગણવામાં આવે છે. સેન્ટર ફોર ડિસિઝ ડાયનેમિક્સ ઈકોનોમિક્સ એન્ડ પોલિસી દ્વારા કરવામાં આવેલા રિસર્ચમાં જાણવા મળ્યુ છે કે કારબાપેનેમ્સનો ઉપયોગ છ ગણો વધ્યો છે. વર્ષ ૨૦૦૫માં આનો ઉપયોગ પ્રતિ મિલિયન ૦.૨૧ યુનિટ હતો જે હવે વધીને ૨૦૧૦માં ૧.૨૩ યુનિટ પ્રતિ મિલિયન થયો છે. જેથી આ દવાની અસરકારકતા સામે પણ પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. આઈએમએસ હેલ્થના મલ્ટી નેશનલ ઈન્ટિગ્રેટેડ ડેટા એનાલિસિસ સિસ્ટમ

(એમઆઈડીએએસ)ના ફાર્માસિટ્યુકલ ઓડિટ ડેટાના આધાર ઉપર સેન્ટરે કહ્યું છે કે ભારતમાં કારબાપેનેમ્સના છુટક માર્કેટનું કદ ૨૦૧૦માં ૨૭.૪ મિલિયન અથવા તો ૧૧૯.૪ કરોડ સુધી પહોંચ્યું છે. એન્ટી ઈફેક્ટિવ માર્કેટનું કદ ૧.૭ અબજ છે. જેમાં આને હિસ્સેદારી હજુ ઓછી છે. કુલ ફાર્માસિટ્યુકલ માર્કેટનું કદ ૧૦ અબજ ડોલર અથવા તો ૪૬૭૮૭ કરોડનું છે. કારબાપેનેમ્સને શક્તિશાળી ક્લાસ એન્ટીબાયોટિક્સ તરીકે ગણવામાં આવે છે જે ગંભીર પ્રકારના ઈન્ફેકશનને રોકવામાં મદદરૂપ છે. ભારતમાં પાકિસ્તાની સરખામણીમાં વ્યક્તિ દીઠ કારબાપેનેમ્સનો ઉપયોગ ઓછો છે. વર્ષ ૨૦૧૦માં કારબાપેનેમ્સ એન્ટિબાયોટિક્સના ૧૭૫૩૭૪૦ યુનિટનો ઉપયોગ થયો હતો. ભારતીય પ્રતિ વ્યક્તિ દીઠ વપરાશ વર્ષ ૨૦૧૦માં પાકિસ્તાન કરતા ૨૭ટકા ઓછો હતો.

કર્ણાટકમાં ભાજપને કામચલાઉ રાહત : યેદીયુરપ્પા પક્ષમાં રહેશે

બેંગ્લોર, તા.૧૪

કર્ણાટક ભાજપમાં ઉભી થયેલી કટોકટી હળવી બનવાના સંકેત દેખાઈ રહ્યા છે આના ભાગરૂપે જ આજે ભાજપને રાહત મળે તેવા એક નિર્ણયમાં ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને બળવાખોર નેતા બીએસ યેદીયુરપ્પાએ કહ્યુ હતુ કે પક્ષ માટે રાજીનામું આપી દેવાનો નિર્ણય હાલ પૂરતો મોકુફ કરી દીધો છે. જો કે યેદીયુરપ્પાએ મુખ્યમંત્રી સદાનંદ ગૌડા ઉપર આક્ષેપોનો મારો જારી રાખ્યો હતો. અને તેમને નિષ્ફળ મુખ્યમંત્રી તરીકે ગણાવ્યા હતા. યેદીયુરપ્પાએ ૭૦ ધારાસભ્યોનો ટેકો હોવાનો દાવો કર્યો છે. માઈનીંગ કૌભાંડના કારણે યેદીયુરપ્પા મુશ્કેલીમાં મુકાયેલા છે. ભરચક પત્રકાર પરિષદમાં ૭૦ વર્ષિય પક્ષના શક્તિશાળી નેતાએ કહ્યુ હતુ કે ધારાસભ્યોના દબાણસમક્ષ ઝુકીને તથા પક્ષના વરિષ્ઠ નેતા અરૂણ જેટલી દ્વારા કરવામાં આવેલી વિનંતીને ધ્યાનમાં લઈને તેઓ પક્ષને નહીં છોડવાનો નિર્ણય કરી રહ્યા છે. જો કે ભૂતપૂર્વ મુખ્યમંત્રી હજુ પણ આક્રમક મૂડમાં દેખાઈ રહ્યા છે.

કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી બી.એસ. યેદીયુરપ્પાએ વર્તમાન રાજ્ય સરકાર અને ભાજપની નેતાગીરીની આજે પક્ષ ઉગ્ર ટીકા કરતાં સદાનંદ ગૌડાના નિષ્ફળ મુખ્યમંત્રી ગણાવ્યાં હતા. બેંગ્લોર ખાતે પત્રકારોને સંબોધન કરતાં યેદીયુરપ્પાએ કહ્યુ હતું કે મુખ્યમંત્રી નિષ્ફળ છે. તેમને ઘણાં સમય પહેલા રાજીનામું આપી દેવાનું હતું.

મોંઘેરા મોતી

(પાના નં. ૪ નું ચાલુ)

નિખાલસ, સાચા, ભોળા હૃદયનાં ચંદુભાઈને કહેવાતા સાક્ષરો, સંપાદકો, પ્રકાશકોએ લાભ લઈ છેતર્યાંછે. તો કેટલાંક ઝવેરીએ તેમની પરખ કરી કદર પણ કરી છે. રાજકોટનાં પ્રણવાનંદ સંસ્કૃત ભવનમાં તેમનાં વ્યાખ્યાનો સાંભળવા એ એક લ્હાવો છે. રામકૃષ્ણ મીશન, રાજકોટની સંસ્થા સાથે તેમનો નાતો રહ્યો છે. રેડિયો નિયમિત સાંભળતા તેઓ બહુ જ ધીમું પણ પ્રેમભર્યું બોલે છે. પોરબંદરની કૉલેજમાં પ્રાધ્યાપક રહ્યા ત્યારે પણ અનેક વિદ્યાર્થીઓનું ઘડતર કર્યું છે. પ્રૌઢ શિક્ષણ, નિરક્ષરતા વ. અભિયાનો તેમણે હાથ ધર્યાં હતા.

સાહિત્ય સર્જનના ઉપાસકો, ભાવકોએ, યુવાનોએ આ જ્ઞાન વડલાનો છાયો મેળવી તૃપ્ત થવું હોય, તો તેમને મળવું જ જોઈએ. આ તો ઘર આંગણે ગંગા છે!

ચિંતન સભા

(પાના નં. ૪ નું ચાલુ)

ડૉમેસ્ટીક વાયોલન્સના કેસો દરરોજ અખબારના પાને સાચા કરતાં ખોટા વધુ પ્રકાશિત થાય છે. આમાં દામ્પત્યજીવનની પ્રસન્નતા ક્યાં લેવા જવી? બ્રિટનમાં થયેલા એક સર્વે અનુસાર મહિલાઓ પતિની આકાંક્ષા કે મહેચ્છાઓની દરકાર કરવાને બદલે પોતે પગભર થવાને વધુ પ્રાધાન્ય આપે છે. ૫૯% સ્ત્રીઓએ પોતાનો મત વ્યકત કર્યો હતો કે પોતે આર્થિક રીતે સધ્ધર થાય તો તરત જ પતિથી છુટાછેડા લેવાનું પસંદ કરશે. ૫૦% પુરુષોને લગ્નજીવનમાં કોઈ રસ ન હતો. જયારે ૪૦% દંપતિઓ ફકત પોતાના બાળકો ખાતર જ દામ્પત્યજીવન ટકાવી રાખે છે. ૩૦% પુરુષોએ પોતાનો મત વ્યકત કર્યો કે તેઓ પોતાના બાળકોના ભવિષ્ય અંગે ચિંતિત છે તેથી જ પોતાના જીવનસાથીને છોડી શકતા નથી આતો બ્રિટનની વાત છે. પરંતુ માનવ જીવનની ખુબીઓ અને ખામીઓ બધે સરખી જ હોય છે. ઈંગ્લેન્